**Sanathan Textiles LTD.**
*Yarns for the Fabric of Life*
www.sanathan.com

**CORPORATE OFFICE**
15th Flr., D Wing, Trade World Bldg., Kamala Mills Compound, Senapati Bapat Marg, Lower Parel (W), Mumbai 400013.
Tel No. 022- 66343312 -16 / 022-24963304 - 07 / 022-66109036 - 40

**FACTORY ADDRESS**
Unit 1. Survey Plot No.187/4/1/2,250, 251 P 257/1, & 258/3, Vill. Surangi, Silvassa, Dadra and Nagar Haveli 396230.
Unit 2. Survey Plot No.320/1/1/2/1/1,314/1,315&314/P, Vill. Surangi, Silvassa, Dadra and Nagar Haveli 396230.
Tel. No. 91-9081179797 / 91-9714109659

**REGISTERED OFFICE**
SRV NO. 187/4/1/2, Near Surangi Bridge, Surangi Dadra & Nagar Haveli Silvassa Dadra & Nagar Haveli Dn 396230.

**Email: sales@sanathan.com** **COMPANY IDENTIFICATION NO.** L17299DN2005PLC005690


Date: May 16, 2026

| To,<br><br>**National Stock Exchange of India Limited**<br>Exchange Plaza, Plot No. C/1, G Block,<br>Bandra-Kurla Complex,<br>Bandra (East), Mumbai-400051. | **BSE Limited**<br>Phiroze Jeejeebhoy Towers,<br>Dalal Street,<br>Mumbai-400001. |
|---|---|

Trading Symbol: **SANATHAN** Scrip Code: **544314**

Ref. No: **- 2026-2027/May26/117**

Dear Sirs/Madam,

**Sub: Newspaper Advertisement – Disclosure under Regulation 30 and Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("SEBI Listing Regulations")**

We hereby submit, pursuant to Regulation 30 read with Schedule III Part A Para A and Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations 2015, the copies of newspaper advertisement published in Active Times (English) and Lokmitra (Gujarati) regarding the extract of audited standalone and consolidated financial results for the quarter and financial year ended March 31, 2026.

We request you to take the same on your record.

Thanking You,
Yours Sincerely,

FOR SANATHAN TEXTILES LIMITED

Jude Dsouza

Digitally signed by Jude Dsouza
DN: cn=Jude Dsouza gn=Jude Dsouza c=IN India l=IN India ou=Sanathan Textiles e=jude_dsouza@sanathan.com
Reason: I am the author of this document
Location:
Date: 2026-05-16 14:41+05:30

Jude Patrick Dsouza
Company Secretary and Compliance Officer

Encl.: as above.

પ્રજાલક્ષી કામો ઝડપથી પૂર્ણ કરવા અને શિક્ષણ-આંગણવાડી પર વિશેષ ભાર મૂકતા મહીસાગર જિલ્લા પ્રભારી સચિવશ્રી કે.એલ. બચાણી

# મહીસાગર: કલેક્ટર કચેરી ખાતે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે પ્રભારી સચિવશ્રીના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

"શિક્ષણનો પાયો મજબૂત હશે તો જ આગળ વધી શકાશે": પ્રભારી સચિવશ્રી કે એલ બચાણી; ચોમાસા પૂર્વેની તૈયારીઓ (પ્રિ-મોન્સુન) અને ડેટા આધારિત આગોતરા આયોજન અંગે અપાઈ મહત્વપૂર્ણ સૂચનાઓ




ગાંધીનગર એચ.ઓ

મહીસાગર જિલ્લા પ્રભારી સચિવશ્રી કે. એલ. બચાણીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં અમલી વિવિધ પ્રજાહિતલક્ષી યોજનાઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી અને વહીવટી કામગીરીને વધુ વેગવંતી બનાવવા જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા.

આ સમીક્ષા બેઠકમાં પ્રભારી સચિવશ્રીએ શિક્ષણ પર સૌથી વધુ ભાર મૂકતા જણાવ્યું હતું કે, ×શિક્ષણનો પાયો મજબૂત હશે તો જ આપણે પ્રગતિના પંથે આગળ વધી શકીશું.× તેમણે 'બેક ટુ સ્કૂલ' (Back to School) ઝુંબેશ અંતર્ગત શાળા પ્રવેશોત્સવ પૂર્વે સર્વેની કામગીરી પૂર્ણ થાય અને શાળામાં ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા અને બાળકોને ફરીથી શાળામાં લાવવા સઘન પ્રયત્નો કરવા સૂચન કર્યું હતું. આ સાથે જ 'ઉલ્લાસ નવભારત અભિયાન' અંતર્ગત જે લોકો પર વધુ ધ્યાન આપવાની જરૂર છે, તેમના પર વિશેષ લક્ષ્ય કેન્દ્રિત કરવા જણાવ્યું હતું.

આ ઉપરાંત, 'પ્રોજેક્ટ સહકાર' હેઠળ 'એડોપ્ટ આંગણવાડી' (આંગણવાડી દત્તક લેવી) કાર્યક્રમમાં વધુ સક્રિયતા દાખવવા સૂચનો કર્યા હતા. તેમણે આ કાર્યને એક સેવાનું માધ્યમ ગણાવતા ઉમેર્યું હતું કે, આંગણવાડી માટે કામ કરવું એ સમાજનું ઋણ અદા કરવાનો એક ઉત્તમ મોકો છે.

નાગરિકોને સરકારી યોજનાઓની સરળતાથી માહિતી મળી રહે તે માટે 'મારી યોજના'નો વધુમાં વધુ લાભ લેવા અને લોકો સુધી તેનો પ્રચાર કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેથી છેવાડાના માનવી સુધી તમામ યોજનાઓ પહોંચી શકે અને પ્રજાલક્ષી કામો ઝડપથી પૂર્ણ થાય.

આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને પ્રિ-મોન્સુન કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરતા પ્રભારી સચિવશ્રીએ તાકીદ કરી હતી કે, ભૂતકાળના ડેટાના આધારે જે વિસ્તારોમાં વધુ તકલીફો પડી હોય તેનું અગાઉથી જ સુદ્રઢ પ્લાનિંગ કરવું અત્યંત જરૂરી છે.

તેમણે આપત્તિ વ્યવસ્થાપન માટે નવા સાધનોની ઉપલબ્ધિ, સંબંધિત અધિકારીઓનું લિસ્ટ અને 'આપદા મિત્ર' ની યાદી સતત અપડેટ રાખવા સૂચના આપી હતી.

આ સાથે માર્ગ અને મકાન વિભાગ,વન વિભાગ, mgvcl વિભાગ અને અન્ય વિભાગ દ્વારા કરવામાં આવતી ચોમાસા પૂર્વેની કામગીરીની પણ સઘન સમીક્ષા કરી તાકીદ કરી હતી.

વધુમાં પ્રભારી સચિવશ્રી દ્વારા જિલ્લાના વિવિધ નેગેટિવ સમાચારની સમીક્ષા કરતા અધિકારીશ્રીઓને નિરાકરણ માટે સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં મહીસાગર જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિદ્ધાર્થ, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી. વી. લટા સહિત જિલ્લા સંકલન સમિતિના તમામ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સિવિલ હોસ્પિટલ અંગદાન ક્ષેત્રે સમગ્ર દેશમાં અગ્રેસર

# મહેસાણાના ૨૯ વર્ષીય યુવકે અંગ દાન થકી ત્રણ વ્યક્તિઓને આપ્યું નવજીવન દાન

## અંગદાનના સેવા યજ્ઞમાં છેલ્લા છ વર્ષોમાં ૨૪૦ દાતાઓ દ્વારા ૧૦૩૨ અંગો-પેશીઓનું દાન કરાયું

ગાંધીનગર એચ.ઓ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વ હેઠળ અમદાવાદ સિવિલ હોસ્પિટલ આજે અંગદાન ક્ષેત્રે સમગ્ર દેશમાં અગ્રેસર બની છે. સિવિલ હોસ્પિટલના આંગણે ફરી એકવાર માનવતા મહેકી ઉઠી છે, જ્યાં મહેસાણાના એક ૨૯ વર્ષીય બ્રેઈનડેડ યુવાનના પરિવારે અંગદાનનો ઉમદા નિર્ણય લઈને ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવનની ભેટ આપી છે. મહેસાણા જિલ્લાના વતની અને વ્યવસાયે ડ્રાઈવર ૨૯ વર્ષીય ધર્મેન્દ્ર દરબારને ગત ૪ મે ૨૦૨૬ના રોજ કડી પાસે માર્ગ અકસ્માત નડ્યો હતો. ગંભીર ઈજાઓને કારણે તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. મેડિસિન વિભાગના ડૉ. જીતુ પરીખ અને તેમની ટીમ દ્વારા સઘન પ્રયત્નો કરવા છતાં, ૧૪ મેના રોજ તેમને 'બ્રેઈન ડેડ' જાહેર કરવામાં આવ્યા હતા. આ દુઃખની આ ઘડીમાં જાગૃત નાગરિક શ્રી પી.એસ. પટેલ અને પરિવારના સભ્યો મહેન્દ્રભાઈ ઝાલા તથા લાલસિંહ ઝાલાની સમજાવટથી, ધર્મેન્દ્રભાઈની પત્ની અને ભાઈ-બહેને અંગદાન માટે સંમતિ આપી હતી. આ નિર્ણયને પગલે એક લીવર અને બે કિડનીનું દાન પ્રાપ્ત થયું છે, જે ત્રણ ગંભીર દર્દીઓને નવું જીવન આપશે.

સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, ×સિવિલ હોસ્પિટલમાં છેલ્લા છ વર્ષોમાં કુલ ૨૪૦ અંગદાતાઓ દ્વારા ૭૯૪ અંગોનું દાન પ્રાપ્ત થયું છે. આ ઉપરાંત ૧૯૪ ચક્ષુ અને ૪૪ ત્વચા (સ્કીન) સહિત કુલ ૨૩૮ પેશીઓનું દાન મળ્યું છે આમ, કુલ ૧૦૩૨ અંગો અને પેશીઓનું દાન મેળવીને સિવિલ હોસ્પિટલ દ્વારા અનેક પરિવારોમાં ખુશીઓ પાછી લાવવામાં નિમિત્ત બની છે.





# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની મહત્વની બેઠક યોજાઈ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સફળ ગુજરાત મુલાકાત બદલ કેબિનેટમાં અભિનંદન પાઠવવામાં આવ્યા: પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

ગાંધીનગર એચ.ઓ

આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની એક મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો અને ચર્ચાયેલા વિવિધ મુદ્દાઓ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, સરકારે રાજ્યના વિકાસ કાર્યો અને પ્રજાલક્ષી યોજનાઓને વધુ ગતિશીલ બનાવવા માટે કેટલાંક મહત્વના નિર્ણયો લીધા છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં તા. ૧૦-૧૧ મે દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાત મુલાકાત દરમિયાન યોજાયેલા વિવિધ કાર્યક્રમોની ભવ્ય સફળતા બદલ કેબિનેટ બેઠકમાં વડાપ્રધાનશ્રીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમણે વડાપ્રધાનશ્રીની મુલાકાતના વિવિધ આકર્ષણોની વિસ્તૃત માહિતી પણ આપી હતી. મુખ્યમંત્રીશ્રી કેબિનેટ બેઠકમાં આપેલી મહત્વની સૂચનાઓ અંગે તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના અંદાજપત્રમાં દર્શાવાયેલી નવી બાબતોનો લાભ વધુમાં વધુ નાગરિકો સુધી ઝડપથી પહોંચે તે માટે ૮૦ ટકાથી વધુ બાબતોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. જ્યારે, ચૂંટણી આચારસંહિતાના કારણે જે ૨૦ ટકા બાબતો બાકી છે, તેને સત્વરે સૈદ્ધાંતિક મંજૂરી આપીને યોજનાઓને અમલમાં મૂકવા મુખ્યમંત્રીશ્રીએ વિવિધ વિભાગોને સૂચના આપી છે. આ ઉપરાંત ઉનાળુ વેકેશન પૂરું થયા બાદ રાજ્યમાં જ્યારે નવું શૈક્ષણિક વર્ષ શરૂ થાય, ત્યારે રાજ્યનો કોઈપણ લાયક વિદ્યાર્થી તેને મળવાપાત્ર શિષ્યવૃત્તિથી વંચિત ન રહે તેની ખાસ તકેદારી રાખવા અને સતત દેખરેખ રાખવા માટે પણ મુખ્યમંત્રીશ્રીએ આદેશ આપ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યમાં ઉપલબ્ધ પેટ્રોલ અને ડીઝલના જથ્થાની સમીક્ષા કરી મુખ્યમંત્રીશ્રીએ આદેશ આપ્યો છે કે, રાજ્યમાં દરરોજ કંટ્રોલ રૂમ દ્વારા પેટ્રોલ-ડીઝલના જથ્થાનું મોનિટરિંગ કરવામાં આવે અને જરૂરિયાત મુજબ તેની સપ્લાય વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવે જેથી નાગરિકોને મુશ્કેલી ન પડે.

**બજેટની નવી બાબતોને ઝડપથી અમલમાં મૂકવા અને પેટ્રોલ-ડીઝલના જથ્થાનું દૈનિક મોનિટરિંગ કરવા મુખ્યમંત્રીશ્રીના કડક આદેશો**

# મહુવામાં માલણ નદીના જોખમી પુલને બંધ કરાયો



મહુવા

મહુવા શહેરથી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોને જોડતા માલણ નદીના પુલ પર પ્રોટેક્શન વોલનું કામ શરૂ હતું. તે દરમિયાન પુલની સાઈડમાંથી માટી ખસી જતાં પુલ જોખમી બન્યો હતો. જેના કારણે ઈજનેર દ્વારા પુલ પરના માર્ગને તાત્કાલિક અસરથી વાહનવ્યવહાર અને અવર-જવર માટે બંધ કરવા નિર્ણય લઈ સૂચના આપી દેવામાં આવી હતી. જેના કારણે કોટડા, દયાળ, વાઘનગર સહિતના ૧૫ જેટલા ગામને જોડતા આ માર્ગને યુદ્ધના ધોરણે બંધ કરી દઈ પુલની બન્ને સાઈડ પર બેરિકેડ મુકી પોલીસ બંદોબસ્ત મુકી દેવામાં આવ્યો છે. માલણ નદીના પુલનો માર્ગ મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારને જોડતો હોય, ૧૫ ગામના વાહનચાલકોને પુલ બંધ કરી દેવાતા ફરજીયાત પણે સાત કિ.મી. જેટલું વધુ અંતર કાપીને જવું પડશે. તો આ બાબતે તંત્ર દ્વારા ગંભીરતા દાખવી પુલનું કામ વહેલી તકે પૂર્ણ કરી રસ્તો પુનઃ શરૃ કરવામાં આવે તેવું ગ્રામ્ય વિસ્તારના લોકો ઈચ્છી રહ્યા છે.

પ્રોટોકોલને બદલે પ્રજાને પ્રાધાન્ય આપતો ગુજરાત સરકારનો ઐતિહાસિક અભિગમ

# કોઈ ઉદ્ઘાટન કે ભવ્ય સમારોહ વિના જ ૩૦૦ નવી બસો સીધી જ જનતાની સેવામાં કાર્યરત કરાશે: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

*વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની 'ઈંધણ બચાવો'ની અપીલને માન આપીને લેવાયો પ્રજાલક્ષી નિર્ણય*

ગાંધીનગર એચ.ઓ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના સંસાધનોના કરકસરભર્યા ઉપયોગ અને 'ઈંધણ બચાવો' માટે કરેલી અપીલને ગુજરાત સરકારે સાચા અર્થમાં ચરિતાર્થ કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ આવતીકાલથી રાજ્યના વિવિધ રૂટો પર એકસાથે ૩૦૦ નવી અત્યાધુનિક બસો સીધી જ જનતાની સેવામાં કાર્યરત કરવામાં આવશે.

આ નિર્ણયની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે, આટલી મોટી સંખ્યામાં બસોનું લોકાર્પણ હોવા છતાં, કોઈ પણ પ્રકારના ભવ્ય ઉદ્ઘાટન સમારોહ, રીબન કટીંગ કે પ્રોટોકોલ મુજબના વીઆઈપી કાર્યક્રમો યોજવામાં આવશે નહીં. રાજ્ય સરકારના આ અભિગમ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ઉત્સવોને બદલે જનકલ્યાણને સર્વોપરી રાખવાનો છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિકોની પરિવહન સુવિધાને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાના હેતુથી ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ GSRTC દ્વારા આ પ્રેરણાદાયી નિર્ણય લેવામાં આવ્યો છે.

સામાન્ય રીતે આવા મોટા પ્રોજેક્ટ્સના લોકાર્પણ પ્રસંગે બસોને દૂર-દૂરથી પ્રોટોકોલ મુજબ કાર્યક્રમ સ્થળે લાવવા-લઈ જવામાં અને ભવ્ય આયોજનોમાં હજારો લિટર ઈંધણ તેમજ લાખો રૂપિયાના સરકારી નાણાંનો વ્યય થતો હોય છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને ઈંધણની બચત સાથે પર્યાવરણનું પણ રક્ષણ કરી શકાય તે હેતુથી મુખ્યમંત્રીશ્રીએ 'ઝીરો સેરેમની'નો સંકલ્પ કર્યો છે. રાજ્ય સરકારના નિર્ણયના અમલીકરણ સાથે જ આ ૩૦૦ નવી બસો સીધી જ નિર્ધારિત ડેપો પરથી સામાન્ય નાગરિકો, વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગ માટે રૂટ પર દોડતી થઈ જશે તેમ નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

જ્યારે પણ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે જનતાને તાત્કાલિક સુવિધા આપવી એ જ સુશાસનનું ઉત્તમ ઉદાહરણ છે.

આ અભિગમ સ્પષ્ટ કરે છે કે સરકાર માટે નેતાઓના સત્કાર અને સ્ટેજ કાર્યક્રમો કરતાં સામાન્ય માનવીની મુસાફરી વધુ મહત્વની છે.

**સમારોહ પાછળ થતો સમય અને સરકારી નાણાંનો બગાડ અટકાવી બસોને સીધી રૂટ પર દોડાવવામાં આવશે**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અપીલને ગુજરાત સરકારનો મક્કમ પ્રતિસાદ

# સંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગ માટે ગુજરાત સરકારની નવી માર્ગદર્શિકા

## પ્રત્યક્ષ પ્રવાસો ટાળી વીડિયો કોન્ફરન્સિંગ અને EV વાહનો પર મૂકાયો ભાર, સરકારી કામકાજમાં સાદગીનો આગ્રહ



- **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સરકારી તિજોરી અને પર્યાવરણ બંનેની સુરક્ષા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ: પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી**
- **દેશહિતના આ મહાયજ્ઞમાં બિનજરૂરી સંગ્રહખોરી ટાળીને નાગરિકોને પૂરો સાથ સહકાર આપવા પ્રવક્તા મંત્રીશ્રીનો અનુરોધ**

ગાંધીનગર એચ.ઓ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશવાસીઓને કરવામાં આવેલી કરકસર અને સંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગની અપીલને ધ્યાને રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર દ્વારા અનેક મહત્વપૂર્ણ પગલાઓની જાહેરાત કરવામાં આવી છે.

આજે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠક બાદ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ સૂચિત પગલાઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. જે પગલાઓ નીચે મુજબ છે:

સરકારી કામકાજ માટે પ્રવાસનું આયોજન માત્ર જરૂરિયાત મુજબ જ કરવાનું રહેશે.

અધિકારીઓએ પ્રત્યક્ષ પ્રવાસ ટાળીને વીડિયો કોન્ફરન્સિંગ, ટેલિફોન અને ઈ-મેઈલ જેવા આધુનિક માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરવાનો રહેશે.

અત્યંત જરૂરી હોય તે સિવાય ક્ષેત્રીય અધિકારીઓને મીટિંગ માટે બોલાવવાના બદલે વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા બેઠક યોજવાની રહેશે.

અન્ય રાજ્યો કે કેન્દ્ર સરકારની બેઠકોમાં પણ શક્ય હોય ત્યાં સુધી ઓનલાઈન માધ્યમથી જોડાવા તાકીદ કરવામાં આવી છે.

અનિવાર્ય સંજોગો સિવાય કોઈપણ પ્રકારના વિદેશ પ્રવાસ કે વિદેશમાં યોજાતી તાલીમ, પરિસંવાદો અને પરિષદોમાં ભાગ લેવાનું ટાળવાનું રહેશે.

જો રાજ્ય બહારનો પ્રવાસ અનિવાર્ય હોય, તો ઉચ્ચ અધિકારીઓએ જરૂરી ન હોય તેવા સ્ટાફને સાથે ન રાખવા સૂચના અપાઈ છે.

શક્ય હોય ત્યાં સુધી સરકારી કામકાજ અર્થે જિલ્લા બહાર મુસાફરી ટાળવી અને આમ છતાં સરકારી કામકાજ અર્થે જિલ્લા બહાર મુસાફરી જરૂરી બને તો મુસાફરી કરતા પૂર્વે તેમના નિયંત્રણ અધિકારીને જાણ કરવી.

સરકારી અધિકારી/ કર્મચારીઓના પ્રવાસો ઉપર યોગ્ય નિયંત્રણો રાખવા ઉપરાંત, દરેક વહીવટી વિભાગ અને તેની હેઠળનાં તંત્રોમાં ઉપલબ્ધ સરકારી વાહનોની સમીક્ષા કરીને વધારાનાં વાહનો બિનવપરાશમાં મૂકવાના રહેશે.

જો કોઈ અધિકારી એકથી વધુ હવાલો સંભાળતા હોય, તો તેમણે એક મુખ્ય વાહન સિવાયના તમામ વધારાના વાહનો 'સરકારી વાહન પુલ'માં જમા કરાવવાના રહેશે.

જે અધિકારીઓ પાસે સરકારી વાહનના વિકલ્પ તરીકે ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ઉપલબ્ધ હોય, તેમણે EV અથવા હાઈબ્રિડ વાહનનો જ ઉપયોગ કરવાનો રહેશે.

અધિકારીઓ અને કર્મચારીઓને પર્યાવરણની જાળવણી માટે ખાનગી વાહનોને બદલે મેટ્રો, એસ.ટી. બસ અને રેલવે જેવી જાહેર પરિવહન સેવાઓ વાપરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

જાહેર સુવિધા માટે મેટ્રોનો સમય રાત્રે ૧૧.૦૦ વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય લેવાયો છે.

તમામ સરકારી સંસ્થાઓમાં સ્વદેશી ચીજવસ્તુઓ, સ્થાનિક ઉત્પાદનો અને MSMEsને અગ્રતા આપવા માટે પ્રોક્યોરમેન્ટ પૉલિસિ મજબૂત કરાશે.

સરકારના વિવિધ કાર્યક્રમો સાદગીપૂર્વક યોજવા અને લોકાર્પણના કાર્યક્રમોમાં 'વર્ચુઅલ પદ્ધતિ'નો આગ્રહ રાખવા સૂચના અપાઈ છે.

આગામી ૬ મહિનામાં તમામ સરકારી કેન્ટીનોમાં પાઈપ્ડ ગેસ કનેક્ટિવિટી (PNG) ફરજિયાત બનાવવામાં આવશે.

બિનજરૂરી સંગ્રહખોરી અને ગભરાટમાં આવીને કરવામાં આવતી ખરીદી રોકવા માટે જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે.

પ્રવક્તા મંત્રીશ્રીએ રાજ્યના નાગરિકોને કોઈપણ પ્રકારના ગભરાટમાં ન આવવા અને સંશાધનોની બિનજરૂરી સંગ્રહખોરી ન કરવા ભાવભરી વિનંતી કરી હતી. તેમણે દેશહિતમાં સહકાર આપવા નાગરિકોને અપીલ કરતા જણાવ્યું હતું કે, જે રીતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોનાકાળ દરમિયાન કરેલા આહવાનને નાગરિકોએ સકારાત્મકતા સાથે સ્વીકારીને અભૂતપૂર્વ સહયોગ આપ્યો હતો, તેવી જ રીતે આ અવસરે પણ ગુજરાતના નાગરિકો પૂરો સાથ-સહકાર આપશે, તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## "આરોગ્ય કર્મચારીઓના હિતોનું રક્ષણ અને તેમના પ્રશ્નોના સંવેદનશીલ નિરાકરણ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ" : આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા



ગાંધીનગર એચ.ઓ

માનનીય આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના સાનિધ્યમાં આજે ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રતિનિધિઓ તેમજ વિવિધ વર્ગના આરોગ્ય કર્મચારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન કર્મચારીઓએ ખાતાકીય પરીક્ષા, ઉચ્ચત્તર પગાર ધોરણ, પંચાયત હસ્તકના મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તથા ફિમેલ હેલ્થ વર્કરના ખાતાકીય પરીક્ષાને લગતા વિવિધ પ્રશ્નો અને માંગણીઓ અંગે વિસ્તૃત રજૂઆતો કરી હતી. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રીએ તમામ રજૂઆતોને અત્યંત સંવેદનશીલતા, સહાનુભૂતિ અને સકારાત્મક અભિગમ સાથે ધ્યાનપૂર્વક સાંભળી કર્મચારીહિતને કેન્દ્રસ્થાને રાખી યોગ્ય અને હકારાત્મક નિર્ણય લેવામાં આવશે તેવી ખાતરી વ્યક્ત કરી હતી. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, "રાજ્યના આરોગ્ય કર્મચારીઓ માત્ર કર્મચારી નથી, પરંતુ જનસેવાના પવિત્ર કાર્યમાં નિષ્ઠાપૂર્વક જોડાયેલા આરોગ્ય વ્યવસ્થાના મજબૂત આધારસ્તંભ છે. તેમના હિતો અને પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધ છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા દરેક કર્મચારીના હિત, સન્માન અને કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. કર્મચારીઓના પ્રશ્નોના હકારાત્મક નિરાકરણ માટે સરકાર સતત સંવાદ અને સહકારના માર્ગે આગળ વધી રહી છે.

## તાલાલા ગીર પંથક મધરાત્રે ૩.૩ના તીવ્ર, ૫ હળવા ભૂકંપથી ધ્રૂજી ઉઠયો

રાજકોટ,

ગીરનાર ફોલ્ટ્સ સહિત અનેકના ફોલ્ટ્સ ધરાવતા તેમજ હાઈ સરફેસ હીટ ફ્લક્સ સાથે ફ્રેક્ચર્ડ જમીન બંધારણ ધરાવતા તલાલા પંથકમાં ફરી ભૂકંપીય ગતિવિધિઓથી લોકોમાં ભયનો માહૌલ સર્જાયો છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીમાં આજે તા. ૧૫-૫-૨૦૨૬ના ૪ કલાક ૧૩ મિનિટ ૫૯ સેકન્ડે ૨૧.૧૧૮ અક્ષાંસ અને ૭૦.૪૮૧ રેખાંશ ઉપર જમીનમાં ૧૦ કિલોમીટર ઉંડાઈએ ૩.૩ મેગ્નિડયુટનો ભૂકંપ નોંધાયો છે.

તાલાલા ગીરથી વિશેષ અહેવાલ મૂજબ આ ભૂકંપ આવતા લોકો ભરઉંઘમાંથી જાગી ગયા હતા અને ભય અને ચિંતાનો માહૌલ છવાયો છે. આ આંચકા આવ્યા બાદ આજે બપોર સુધીમાં વધુ ૫ આંચકા આવ્યા હતા જેમાં ૪.૧૩ વાગ્યે ૩.૦ બાદ સવારે ૫.૧૫ વાગ્યે ૧.૯, સવારે ૫.૧૯ વાગ્યે ૨.૨ મેગ્નિટયુડ, ચોથા આંચકો ૫.૨૫ વાગ્યે ૧.૫નો આંચકો આવ્યા બાદ બપોરે ૧૨ વાગ્યા પછી ફરી કંપનનો સિલસિલો જારી રહ્યો હતો.

જેમાં બપોરે ૧૨.૪૩ વાગ્યે ૧.૭ની તીવ્રતાનો અને છઠ્ઠો આંચકો ૧૨.૪૮ વાગ્યે ૧.૨ની તીવ્રતાનો નોંધાયો હતો. આમ, તીવ્ર આંચકા પછી પાંચ નાના આંચકા નોંધાયા હતા. ઈન્ટેન્સિટી મેપ મૂજબ આંચકાનું કંપન ,મોજા છેક સોમનાથ, માંગરોળ, જુનાગઢ, જેતપુર, ધોરાજી, ખાંભા સુધી પહોંચ્યા હતા પરંતુ, તેના કંપનનો વધુ અનુભવ ગીર પંથકના તાલાલા ઉપરાંત હિરણવેલ, હરીપુર, ચિત્રાવડ, ભોજદે, બોરવાવ, ધાવા, માધુપુર, આંકોલવાડી સહિત ગામોમાં થયો છે. ધોમધખતા તાપ વચ્ચે ઉપરાઉપરી આંચકા અનુભવાતા લોકોમાં ભય ફેલાયો હતો. તાલાલા,સાસણ ગીર વિસ્તારના આ એરિયામાં વારંવાર ભૂકંપો સાથે અહીનું ભુતળ સૌથી સંવેદનશીલ બની રહ્યું છે.

# "વિદ્યાર્થીઓના સપનાઓને સુરક્ષિત રાખવા રાજ્ય સરકાર દ્રઢ નિશ્ચય સાથે કાર્યરત" – આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. રાજ્ય સરકાર દરેક વિદ્યાર્થીને ગુણવત્તાસભર શિક્ષણ અને યોગ્ય સુવિધાઓ મળે તે માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે." – આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા



ગાંધીનગર એચ.ઓ

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તથા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના વિદ્યાર્થીઓ પ્રત્યેના સંવેદનશીલ અભિગમને ધ્યાનમાં રાખી ધન્વંતરી આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ, કોયડમ ખાતે વિદ્યાર્થીઓના હિત અને શિક્ષણની ગુણવત્તા જળવાઈ રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી કાર્યવાહી NCISM ના પરામર્શમાં હાથ ધરવામાં આવી રહી છે.

ભારતીય ચિકિત્સા પદ્ધતિ માટેની નેશનલ કમિશન (NCISM), નવી દિલ્હીની મેડિકલ એસેસમેન્ટ એન્ડ રેટિંગ બોર્ડ દ્વારા તા. ૦૬/૦૮/૨૦૨૫ના રોજ પાઠવાયેલા પત્રમાં કોલેજ અને હોસ્પિટલ સંબંધિત વિવિધ મુદ્દાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કેન્દ્ર સરકારના આયુષ વિભાગ દ્વારા તા. ૧૮/૧૧/૨૦૨૫ના રોજ ત્રણ સભ્યોની નિરીક્ષણ સમિતિ રચી સ્થળ નિરીક્ષણ હાથ ધરાયેલ હતું.

સમિતિએ કોલેજ તથા હોસ્પિટલની કામગીરી, વિદ્યાર્થીઓને મળતી સુવિધાઓ અને શિક્ષણ વ્યવસ્થાની વિગતવાર તપાસ કરી હતી. નિરીક્ષણ દરમિયાન હોસ્પિટલમાં દર્દીઓની હાજરી, સ્ટાફની ઉપલબ્ધતા તેમજ કેટલાક શૈક્ષણિક અને પ્રાયોગિક પાસાઓ અંગે ખામીઓ નોંધાઈ હતી. સાથે જ વિદ્યાર્થીઓ માટેની લાઈબ્રેરી, પ્રયોગશાળાઓ અને અન્ય જરૂરી સુવિધાઓમાં સુધારાની જરૂરિયાત પણ વ્યક્ત કરવામાં આવી હતી. તેમજ આ કોલેજમાં હવે વિદ્યાર્થીઓ આગળ અભ્યાસ કરી શકે તેમ નથી તે મુજબનો રિપોર્ટ આપવામાં આવ્યો હતો.

આ સમગ્ર બાબતને ગંભીરતાથી લઈ આજે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાના કાર્યાલય ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. બેઠકમાં સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી વિદ્યાર્થીઓના હિતને પ્રથમ પ્રાથમિકતા આપવા તેમજ તાત્કાલિક જરૂરી કાર્યવાહી હાથ ધરવા સૂચનાઓ આપવામાં આવી હતી.

વાલીઓ દ્વારા કરવામાં આવેલી રજુઆતોને પણ ગંભીરતાથી ધ્યાનમાં લેવામાં આવી હતી. વિદ્યાર્થીઓના ભાવિ ભવિષ્ય અને અભ્યાસને કોઈપણ પ્રકારની અડચણ ન પડે તે હેતુથી અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને અન્ય માન્ય કોલેજોમાં સમાવવામાં આવે તે અંગે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, ×વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. રાજ્ય સરકાર દરેક વિદ્યાર્થીને ગુણવત્તાસભર શિક્ષણ અને યોગ્ય સુવિધાઓ મળે તે માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે."

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર મામલે યોગ્ય, સંવેદનશીલ અને પારદર્શક અભિગમ અપનાવવામાં આવ્યો હોવાનું વ્યક્ત કરી વિદ્યાર્થીઓ તથા વાલીઓને વિશ્વાસ આપવામાં આવ્યો હતો.

Sanathan Textiles LTD.
Yarns for the Fabric of Life
www.sanathan.com

**AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND FINANCIAL YEAR ENDED MARCH 31, 2026**

The Audited Financial Results of Sanathan Textiles Limited ("the Company") for the quarter and financial year ended March 31, 2026 have been filed with the Stock Exchanges as per Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.

The results are available on the Company's website at **https://www.sanathan.com/** and also on the websites of the Stock Exchanges, i.e., **www.bseindia.com and www.nseindia.com**

**Scan the Quick Response (QR) code to access the Q4 and FY 25-26 Results.**

Date: May 16, 2026
Place: Mumbai

For and on behalf of the Board of Sanathan Textiles Limited
Paresh Dattani
Chairman & Managing Director